ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૬ ટકા

## ગાંધીનગર જિલ્લા પોલીસનું શસ્ત્રપૂજન



અસત્ય પર સત્યનો વિજય, અધર્મ પર ધર્મનો વિજય અને આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ એટલે વિજયાદશમી, યુધ્ધમાં વિજય માટે શસ્ત્ર એ અનિવાર્ય અંગે છે તેથી દશેરાના પાવન પર્વે શસ્ત્રપૂજનનો મહિમા છે. ગાંધીનગરના જિલ્લા પોલિસ અધિક્ષકની કચેરી ખાતે યોજાયેલ પરંપરાગત શસ્ત્રપૂજન કાર્યક્રમમાં જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ, પીઆઈ પી.સી. વાલેરા, આરએસઆઈ દિપક તુંડિયા સહિત પોલિસ કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહાત્મા મંદિર ખાતે નેશનલ આયુર્વેદ સમિટ-૨૦૧૭નો પ્રારંભ

## દેશભરના ૧૨૦૦ થી વધુ આયુર્વેદ તબીબો વિચારમંથન કરશે : ગુજરાતને મેડીકલ ટૂરિઝમનું વિશ્વ આકર્ષણ બનાવાશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આયુર્વેદ નેચરોપથી અને યોગના સંયોજનથી ગુજરાતને મેડીકલ ટૂરિઝમ ક્ષેત્રે વિશ્વ આકર્ષણ બનાવવા નેમ વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ૧૫૦૦ સદી પૂર્વેની આપણી પ્રાચીન રોગ નિવારણ-ઉપચાર પધ્ધતિનો વર્તમાન યુગમાં વ્યાપક પ્રસાર કરવો એ સમયની માંગ છે.

ગુજરાતમાં આયુર્વેદની જે શ્રેષ્ઠતા પડેલી છે તેને નેચરોપથી અને યોગ સાથે જોડીને વિશ્વભરના લોકો અહિં રોગ ઉપચાર ટ્રીટમેન્ટ માટે આવે તેવી સ્થિતી આપણે સર્જવી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર મહાત્મા મંદિરમાં ગુજરાત આયુર્વેદ બોર્ડ અને સી.સી.આઈ.એમ યોજીત નેશનલ આયુર્વેદ સમિટ-૨૦૧૭ને ખૂલ્લી મૂકી હતી.

ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોના ૧૨૦૦થી વધુ આયુર્વેદ યુનાની તબીબો, વિદ્યાર્થીઓ આ સમિટમાં ભાગ લઈ રહ્યા છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અવસરે ગાંધીનગર નજીક કોલવડામાં નિર્મિત ૪૦૦ બેડની અદ્યતન આયુર્વેદ કોલેજ-હોસ્પિટલનો લોકાર્પણ કર્યો હતો. સ્ટેટ ઓફ ધ આર્ટ મોડેલ ઈન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદ સાયન્સ તરીકે આ કોલેજ-હોસ્પિટલ કાર્યરત કરાયા છે.

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ભાગ્યશાળી હોય તેનેજ આયુર્વેદ દ્વારા સારવાર કરવાની તક મળે છે. તે તક આપને મળી છે તે માટે અભિનંદન આપતા ઉમેર્યુ કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યનું શ્રેષ્ઠ આયુર્વેદ સંસ્થા ગાંધીનગરમાં બને તે સપનું જોયુ હતુ તે આજે કોલવડા ખાતે સાકાર થયું છે. રૂ.૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ સંસ્થામાં સારવાર સહિત સંશોધનો થશે જે સમાજજીવનમાં લોકોની સેવા માટે ઉપયોગી નીવડશે. તેમણે કહ્યું કે, રાજ્યમાં એઈમ્સ જેવી આયુર્વેદ ક્ષેત્રે વૈશ્વિક ખાસ કરીને અટની સંસ્થા શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે.

## @ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૧૬ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન ટાઉનહોલ સે-૧૭ ખાતે સન્માનિત કરાશે.

● રાજપૂત સમાજ દ્વારા સવારે ૮ કલાકે રેલી યોજાશે જે વિટકોસ બસ સ્ટેન્ડથી નિકળી રાજપૂત સમાજભવન સે-૧૨ ખાતે પહોંચશે ત્યારબાદ શસ્ત્ર પૂજન, સરસ્વતી પૂજન કરાશે.

● જય બુટ ભવાની આનંદગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો રાત્રે ૯ કલાકે સુધાબેન પંડયા સે-૪-એ પ્લોટ નં. ૧૦૩૬/૧ ઓમકારેશ્વર મંદિર પાસે યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન રાજલબેન સોલંકી દ્વારકેશ રેસીડેન્સી બી-૩૦૧ નારાયણનગર બાજુ વાવોલ ખાતે યોજાશે.

## કુડાસણ ગામમાં પ્રાઈમસની જાળ લાગતા વૃદ્ધાનું મત્યુ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક કુડાસણ ગામમાં ગઈ કાલે રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં એક વૃદ્ધાનું શરીરે ગંભીર રીતે દાઝી જવાથી કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. રાત્રે પ્રાયમસની જાળ લાગતા દાઝી જવાથી વૃદ્ધાનું મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલિસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

કુડાસણ ગામમાં રહેતા ૬૦ વર્ષિય વૃદ્ધા ગીતાબેન ગોવિંદભાઈ ચાવડા ગઈ કાલે રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં પોતાના ઘરે રસોડામાં હતા ત્યારે કોઈ રીતે પ્રાઈમસની જાળ લાગતા ગીતાબેન ગંભીર રીતે દાઝી જવા પામ્યા હતા. પ્રાઈમસની જાળ કેવી રીત લાગી તે બાબત હજુ બહાર આવી શકી નથી. ગંભીર રીતે દાઝી ગયેલા વૃદ્ધા ગીતાબેન ચાવડાનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસને ઘટનાની જાણ થતા વૃદ્ધાનો મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની બારીકાઈથી તપાસ હાથ ધરી છે.

## રાંધેજા ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીકના રાંધેજા ખાતે ગૂજરાત વિદ્યાપીઠના સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર દ્વારા ગાંધી જયંતી અને નેચરોપેથી દિવસ નિમિત્તે તા. ૨-૧૦-૧૭ થી તા. ૪-૧૦-૧૭ સુધી રોજ સવારે ૮ થી ૧૨ દરમ્યાન કુદરતી ઉપચાર અને એક્યુપંકચર થેરાપીના નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં દર્દીઓને કુદરતી ઉપચાર પદ્ધતિઓ જેમ કે હાઈડ્રોથેરાપી, માલિશ, મડ થેરાપી, કસરત, યોગ અને આહારમાં ફેરફાર દ્વારા રોગ કઈ રીતે મટાડી શકાય છે તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવશે. કેમ્પનો સમય દરરોજ સવારે ૮ થી ૧૨ કલાકનો રહેશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોએ જે દિવસે લાભ લેવા ઈચ્છતા હોય તે દિવસે સવારે ૧૨ વાગ્યા પહેલા રાંધેજા ખાતે સંપર્ક કરી નામ નોંધાવી લેવા જણાવ્યુ છે. કેમ્પમાં એક્યુપંકચર, લોકલ સ્ટીમ, લોકલ માલિશ તથા મડથેરાપી જેવી સારવાર વિનામુલ્યે આપવામાં આવશે રજીસ્ટ્રેશન માટે ફોન નંબર ૦૭૯-૨૩૯૭૬૭૧૮, ૮૪૦૧૧૧૧૩૧૨૪ પર સંપર્ક સાંધવા જણાવ્યું છે.





દશેરા એટલે વિજયનું પર્વ, વિજયા દશમીના આ પર્વે શસ્ત્ર પૂજનનો રિવાજ છે. ગાંધીનગરના કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના સેકટર-૧૭ ખાતે કાર્યાલય પર શસ્ત્રપૂજન સાથે દશેરાની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજપૂત સમાજના બાળકો, મહિલાઓ સહિત તમામ વયના સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## વાતવાતમાં

● ગાંધીનગર શહેર જિલ્લામાં આહિર સમાજ દ્વારા તા. ૧લી ઓકટોબર રવિવારે સમાજના તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ ટાઉનહોલ ખાતે બપોરે ૨.૩૦ કલાકે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં સમાજનું ૧૯મું વાર્ષિક સંમેલન તથા સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત યોજાશે અને રાત્રે ૮.૩૦ કલાકે લોકડાયરો પણ યોજાશે.

● સેકટર-૩-બી નવરાત્રિ ઉત્સવ સમિતિને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતિની ઉજવણી કરાઈ રહી છે જે અંતર્ગત શનિવારે રાત્રે લોક ડાયરો અને રવિવારે રાત્રે અશ્વિન જોષીના 'મા બાપને ભૂલશો નહીં...' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રજત જયંતિની ઉજવણીના પગલે સે-૩બીના રહીશોમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

● નવરાત્રી પુરી થઈ છે અને સ્કૂલોમાં પાછી ઠેલાયેલી પરીક્ષા શરુ થવાની છે. ત્યારે છોકરાઓ સાથે મા-બાપ પણ એવું કહેતા સાંભળવામાં આવ્યા હતા કે નવરાત્રી પહેલાં પરીક્ષા થઈ ગઈ હોત તો ઘણું સારું હતું. મમ્મીઓ પરીક્ષા પુરી નહીં થાય ત્યાં સુધી દિવાળીની સફાઈ નહીં થાય તેની મુંઝવણમાં પણ જોવા મળી હતી.

## આવતી કાલે પૂ. બાપુની ભાવવંદના 'પીડ પરાઈ જાણે રે...' યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની કલાગુર્જરી સંસ્થા દ્વારા દર વર્ષે ગાંધી જયંતિએ સુર અને શબ્દથી પૂ. બાપુની ભાવવંદનાનો કાર્યક્રમ 'પીડ પરાઈ જાણે રે...' યોજવામાં આવે છે. આ વખતે સતત અગિયારમા વર્ષે પણ આયોજિત આ કાર્યક્રમમાં યુગપુરુષ મહાત્મા ગાંધીજીની ૧૪૮મી જન્મજયંતિ દેશ વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત ગુજરાતના કલાકારો નીતિન દેવકા, કુ.ગાર્ગી વોરા અને તેમના વૃંદ દ્વારા ભજનો-ગીતો થકી ઉજવાશે.

પીડ પરાઈ જાણે રે... કાર્યક્રમનો તા. ૨જી ઓકટોબરે સવારે ૬.૩૦ કલાકે ટાઉનહોલ સામેની જગ્યામાં ખુલ્લા આકાશ નીચે કુદરતના સાનિધ્યમાં ઉજવાશે. આ કાર્યક્રમ માટે દર વર્ષે ગાંધીનગરવાસીઓ સવારે ૬ વાગ્યાથી સ્વયંભૂશ્વેત વસ્ત્રોમાં સજજ થઈને શિસ્ત સાથે સાદગીપૂર્ણ રીતે ઉપસ્થિત થવા માંડે છે. આ વર્ષે અમદાવાદ ખાતેના વિશ્વ પ્રસિધ્ધ સાબરમતી આશ્રમ જેની સ્થાપના પૂ. બાપુએ કરી હતી તેમજ બિહારના ચંપારણ સત્યાગ્રહની ઘટનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ તેથી આ કાર્યક્રમનું મહત્વ વિશેષ બને છે. આ કાર્યક્રમનો મોટી સંખ્યામાં સમયસર ઉપસ્થિત રહી લાભ લેવા કલાગુર્જરી દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## રૂપાલ પલ્લી મેળામાં ખીસ્સા કાતરૂઓ સક્રીય

ગાંધીનગર, તા.૩૦

રૂપાલ ગામમાં વરદાયની માતાજીના પલ્લી મેળામાં એક હજાર પોલિસ જવાનોને સુરક્ષા બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવ્યા હતા પરંતુ રાતથી સવાર સુધીમાં પલ્લી મેળામાં લાખો ભકતોની ભીડભાડનો લાભ લઈ મોબાઈલ અને પાકીટ ચોરતા ગઠીયાઓ એકટીવ રહ્યા હતા. સાતેક શ્રધ્ધાળુઓના મોબાઈલ અને પાકીટ ચોરી થયા હોવાનું જાણવા મળ્યું છે જો કે આ મામલે પોલિસ ફરિયાદ થવા પામી નથી.

રૂપાલ પલ્લી મેળામાં ટ્રાફીક વ્યવસ્થાપન માટે ટ્રાફીક પોલિસ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા શાંતિપૂર્ણ વાતાવરણમાં પલ્લી મેળો સંપન્ન થાય તે માટે એસઆરપી જવાનો, હોમગાર્ડ જવાનો તથા જિલ્લાની પોલીસને રૂપાલ ગામમાં તૈનાત કરવામાં આવી હતી તે ઉપરાંત પળેપળની નજર રાખી શકાય તે માટે એક કંટ્રોલ રૂમ બનાવી સીસીટીવી કેમેરાનું સતત મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. તેમ છતાં ચોરો પલ્લીમેળાની ભારે ભીડમાં સક્રીય રહ્યા હતા. પલ્લીના દર્શને આવેલા દર્શનાર્થીઓને ટાર્ગેટ બનાવી ધક્કામુક્કી કરીને મોબાઈલ કે પર્સ સેરવી લેવાના સાતેક કિસ્સાઓ પલ્લી મેળામાં બન્યા હોવાનું સ્થાનિક સુત્ર પાસેથી જાણવા મળ્યું છે જો કે આ મામલે પેથાપુર પોલિસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ આવી ન હોવાનું પીએસઆઈ વી.બી. દેસાઈનું કહેવું છે.



ગાંધીનગરના વાવોલ ખાતેની દ્વારકેશ રેસીડેન્સી સોસાયટીમાં છેલ્લા ૨ વર્ષથી નવરાત્રિ પર્વના સમાપન પ્રસંગે વવરાત્રિના ઉપવાસીઓનું સન્માન કરવામાં આવે છે. ઉપવાસીઓનું સન્માન કરવાની પ્રથા મોટે ભાગે જૈન સમાજમાં જોવા મળે છે. દ્વારકેશ રેસીડેન્સી દ્વારા દરેક તહેવારમાં નવો ચીલો ચાતરવાના પ્રયાસ રૂપે આ પ્રસંશનીય કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. આ સાથે સોસાયટીના રહીશો દ્વારા તેમના ઘરે બનાવેલી વાનગીઓનો 'મીની અન્નકૂટ' નવરાત્રિના અંતિમ દિવસે માતાજીને ચરણે ધરવામાં આવ્યો હતો.

## આજે ઘ-૪ સર્કલે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં દર માસના પ્રથમ રવિવારે માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. આવતીકાલે ઓકટોબર માસની પ્રથમ તારીખે રવિવાર હોવાથી શહેરની મધ્યમાં ઘ-૪ સર્કલે સવારે ૭ થી ૯ કલાક દરમિયાન પુસ્તક પરબ યોજાશે. આ પુસ્તક પરબમાં બાળકોથી માંડીને વડીલોને વાંચન યોગ્ય પુસ્તકોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. જેમાં દરેક વાચક પોતાની પસંદગીના બે પુસ્તક મેળવી શકે છે. આજના યુગમાં વાંચનના ઘટતા જતા મહત્વને ટકાવવાના પ્રયાસરૂપે યોજાતી આ અનોખી પુસ્તક પરબનો મહત્તમ લાભ લેવા શહેરીજનોને આત્મન ફાઉન્ડેશન દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## આઈ લવ માય ગાંધીનગર



**સલીમ યુ મોદન**
પ્રમુખ, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશન

**ગાંધીનગર ગમે**
સુંદર, હરિયાળું અને સારા લોકોનું નગર હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા અને જાહેર શિસ્ત બાબતે ઘણું કરવાની જરૂર વર્તાઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**
રોજગાર માર્ગદર્શન, કાનૂની સહાય અંગેમારી સર્વપ્રકારની સહાય નગરને આપવા માટે હુંતૈયાર છું.

# દિવાળીના પર્વે શ્રમજીવી પરિવારોને શહેરના યુવાનો 'હેપ્પી' કરશે

## 'પ્રોજેકટ સ્પ્રેડીંગ સ્માઈલ' દ્વારા ગાંધીનગરના ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ, સ્કાય ગૃપ, આપણું ફાઉન્ડેશન તથા હેપ્પી ટુ હેલ્પના યુવાનો ઝુંપડપટ્ટીમાં વસતા પરિવારોને વસ્ત્રદાન તથા મિઠાઈ-ફરસાણનું વિતરણ કરશે

ગાંધીનગર, તા.૩૦

દિવાળીનો તહેવાર એટલે અંધકાર પર ઉજાસના વિજય સાથે ઉદાસીથી ઉલ્લાસ તરફ જવાનું પર્વ છે, જુની ઘરેડમાંથી બહાર આવી નવ સર્જનનો અવસર એટલે દિવાળી. એટલે જ દિવાળીના તહેવારને ખુશાલીથી ઉજવવામાં આવે છે. જો કે આજની કારમી મોંઘવારીમાં રોજ શ્રમ કરી રોજનું પેટીયું રળતા પરીવારો દિવાળી કેવી રીતે ઉજવવી તે અંગે અવઢવમાં હોય છે. છેલ્લા બે વર્ષથી ગાંધીનગરના સેવાભાવી યુવાનો દ્વારા 'પ્રોજેકટ સ્પ્રેડીંગ સ્માઈલ' કાર્યક્રમ થકી આ પરિવારોના ચહેરા પર સ્મિત રેલાવવા પ્રયાસ કરાય છે.

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થાઓ ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ, સ્કાય ગૃપ, આપણું ફાઉન્ડેશન અને હેપ્પી ટુ હેલ્પ દ્વારા આ વર્ષે પણ 'પ્રોજેકટ સ્પ્રેડીંગ સ્માઈલ' નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેકટમાં ગાંધીનગરના નગરજનો પાસે તા. ૧લીથી તા. ૧૨મી ઓકટોબર દરમિયાન નવા-જુના વસ્ત્રો દાન થકી એકત્ર કરવામાં આવશે જેને શહેરના શ્રમજીવી પરિવારોમાં વહેંચવામાં આવશે. આ સાથે આ પરીવારના બાળકોને મિઠાઈ-ફરસાણના પેકેટસનું પણ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ સદકાર્ય માટે ગાંધીનગરમાં અલગ અલગ પાંચ સ્થળોએ 'કલેકશન સેન્ટર' બનાવાયા છે. જયાં વસ્ત્રોનું દાન સ્વીકારવામાં આવશે. તા. ૧૫મીએ આ એકત્ર કરેલ વસ્ત્રોને શહેરની ઝુંપડપટ્ટીમાં વસતા ગરીબ-શ્રમજીવી પરિવારોને દાન કરવામાં આવશે. આ સદકાર્યમાં નાગરિકો પોતાના જૂના અથવા નવા કપડાંનું દાન આપી અથવા મિઠાઈ-ફરસાણ માટે દાન આપી સહભાગી થઈ શકે છે જે માટે આયોજક તમામ સંસ્થાઓ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### એરિયા વાઈઝ કલેકશન સેન્ટર

- શ્રી વારાહી ઝેરોક્ષ : પ્રારંભ પ્લાઝા, ઘ-૨ સર્કલ, સંપર્ક નં. ૯૨૭૪૩૧૦૪૧૭
- વિદ્યા લાયબ્રેરી : બ્રહ્મભવન નજીક, સે-૧૬, સંપર્ક નં. ૮૯૮૦૬૬૧૨૫૮
- મહાલક્ષ્મી કાર શ્રીંગાર : પેટ્રોલ પંપ સામે, સે-૨૧, સંપર્ક નં. ૯૭૨૩૨૩૫૬૭૮
- વિસત પાર્લર : ગણેશ ફલેટ, પગરવ હોસ્પિટલની સામે, સે-૨૮
- ટુ ડયુટસ : દુકાન નં. ૩૭, શિવાલય રેસિડેન્સી, કંસાર હોટલ નજીક, કુડાસણ, સંપર્ક નં. ૯૫૭૪૬૧૮૦૦૨
- તા. ૧૫મીએ કપડાં વિતરણ માટે જોડાવા માંગતા સેવાભાવી નગરજનોએ મો.નં. ૯૫૭૪૫૬૭૦૪૧ અથવા ૯૯૨૪૪૪૬૬૪૫ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

### કપડાં દાન આપવા સંપર્ક કરો

- ગુંજ ફાઉન્ડેશન - ૭૮૭૪૦૭૨૭૧૨
- હેપ્પી યુથ કલબ - ૯૯૨૪૪૪૬૬૪૫
- સ્કાય ગૃપ - ૯૭૨૩૨૩૫૬૭૮
- આપણું ફાઉન્ડેશન - ૯૦૩૩૫૯૦૯૧૬
- હેપ્પી ટુ હેલ્પ - ૯૭૨૩૯૨૦૮૦૧
- મિઠાઈ-ફરસાણના પેકેટસ દાન કરવા માટે ૭૮૭૪૦૭૨૭૧૨ પર પેટીએમ કરી શકાશે. તા. ૧૨મી સુધી વસ્ત્રદાન સ્વીકારાશે.

## ગાંધી જયંતિ નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર દ્વારા ગાંધી જયંતિની ઉજવણીના ભાગરૂપે કોલેજ અને શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ માટેની ગાંધી જીવન દર્શનની નિબંધ સ્પર્ધા ૨જી ઓકટોબરના રોજ સવારે ૯.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલય સે-૭ શોપીંગ પાસે યોજાશે. જે સ્પર્ધકોએ કોલેજ તથા શાળા મારફતે દરખાસ્ત મોકલેલ હોય તે સૌ સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે.

### ચિરવિદાય

- સ્વ. રાકેશભાઈ મોહનભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૪૪
- સ્વ. આશાબેન રાકેશભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૪૦
- સ્વ. નિશિતા રાકેશભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૧૮
- સ્વ. ઈન્દુબેન બળદેવભાઈ સોલંકી, ઉ.વ. ૩૯
- સ્વ. ગામોત લક્ષ્મીબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૯